
# ઘાયલ કી ગત

અમૃત 'ઘાયલ'

કવિ પ્રદીપ રડ્યા એ વાત 'ઝબકાર'માં વાંચીને કવિ અમૃત ઘાયલ મને કહે કે ભાઈ, હું પણ રડ્યો હતો એક વાર. પણ બીજી રીતે. એ લખવા જેવું નથી. પોલીસવાળા બખેડો કરે એવું છે. મેં ચિનગારી ચાંપી કે ઘાયલસાહેબ, મેં દરબારશ્રી ભાયાવાળા, અમરવાળા, રાવતવાળા, ચાંપરાજવાળા ને એવા બધા સાંભળ્યા છે, પણ આ પોલીસવાળા કયા ગામના ધણી છે તે આટલું બધું ડરો છો? - ઘાયલસાહેબને ગરમ કરવાની આ એક રીત છે. આ રીતે જે વાત કઢાવવી હોય એ નીકળે, કારણ કે એ બ્રાહ્મણની રીતે ગરમ થાય છે. વાણિયો ગરમ થાય ત્યારે ગમ ખાઈને ઉપર અનુપાનમાં કમ્પોઝની ટીકડી ખાય, કણબી ગરમ થાય ત્યારે બળદ પર ખીજ કાઢે, દરબાર ગરમ થાય ત્યારે ધીંગાણું આદરે ને બ્રાહ્મણ ગરમ થાય ત્યારે કોઈ અણફૂટ રહસ્ય મટકી ફોડે. આવું એક મારું આગવું નિરીક્ષણ છે. સાચું પડ્યું, કારણ કે ઘાયલસાહેબ આ સાંભળી ને 'શું કહ્યું? તેં શું કહ્યું?' થઈ ગયા. પીંગળી આંખો નેત્ર નામને લાયક બની. અવાજ તરડાઈને હુમગર્જના બન્યો. શિર પર બે-ચાર હતા જે આદિવાસી શ્વેતકેશ, તે ફરફર્યા ને ટટ્ટાર ગરદન કરીને એમણે પૂછ્યુંઃ 'હું ડરું છું, એમ?'

'નથી ડરતા, ચાલો.' મેં કહ્યુંઃ 'તો વાત કેમ લખવા દેતા નથી?'

'લખ' એમણે પરમિટની વ્હીસ્કીની ચુસકી લેતાં કહ્યુંઃ 'તો એમ લખજે કે આ હકીકત કોઈ એક કાળે ગુજરાતની બહાર બની હતી. મહારાષ્ટ્રનું પણ લખીશ મા. નકામું મોરારજીભાઈના આત્માને અસુખ થાય. લખ કે એક વાર એક ડી.એસ.પી.એ મને ખાણી-પીણીની પાર્ટી આપી. ઊંચી કિસમનો શરાબ. ડી.એસ.પી.સાહેબ પણ બરોબર ટાઇટ થઈ ગયા હતા. મારા માટે લાગણી તે, આત્મતૃપ્તિ માટે જ હશે, પણ આજુબાજુ ચોકી કરવા અને હાથ દેવા ઊભેલા બડકમદાર મુછાળા ફોજદારો



અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ
ઉર્ફે અમૃત 'ઘાયલ'

જન્મઃ ૩૦-૯-૨૦૧૫
અવસાનઃ ૧૫-૧૨-૨૦૦૨

મુખ્ય પુસ્તકોઃ

'શૂળ અને શમણાં' (૧૯૫૪),

'રંગ' (૧૯૬૦), 'રૂપ' (૧૯૬૭),

'ગઝલ નામે સુખ' (૧૯૮૪).

તેમની સમગ્ર કવિતાનો સંચય
'આઠોં જામ ખુમારી' (1994).

તરફ આંગળી ફેરવીને કહે, જુઓ ઘાયલસાહેબ, શો વટ છે આપનો! મારા પી.એસ. આઇ.ઓ પણ આપ જેવા શાયરની તહેનાતમાં ઊભા છે અને ઝૂકી ઝૂકી ને પ્યાલીઓ ધરે છે. આટલું બોલીને મારી સામે ‘શુક્રિયા’ની અપેક્ષાએ તાકી રહ્યો એ મુછ્છડ, પણ મેં જવાબમાં જબરી પોક મૂકી. ફોજદારો ઘેરી વળ્યા. ડી.એસ.પી. આકુળવ્યાકુળ થઈ ગયા. મને પૂછે છે કે શું છે, શું થયું ઘાયલસાહેબ, રડો છો કેમ? અમારી કંઈ કસૂર? મેં કહ્યું, અરે, યાર, હું તો મારી પડતી દશાને રડું છું. જુઓની, શી અવદશા થઈ છે મારી! એક જમાનામાં મને ફિરસ્તાઓ પાતા હતા, આજે ફોજદારોને હાથે પીવું પડે છે. અરેરે… અરેરે… વ્હૉટ અ ફૉલ માય કંટ્રીમેન!’

‘ઘાયલસાહેબ,’ મેં કહ્યુંઃ ‘ફોજદારો પાય એ તો મોસાળ જમણ ને મા પીરસણે જેવી વાત ગણાય. તમે નકામું રડ્યા. તમને વળી ક્યારે ફિરસ્તાઓ પાવા આવ્યા હતા?’

‘ફિરસ્તો’ શબ્દ લખીને તું માથે ચેકો મારી દે મારા ભાઈ!’ એ બોલ્યાઃ ‘ફિરસ્તા તેં કદી જોયા છે? કવિ રુસ્વા મઝલૂમી એટલે કે પાજોદ દરબારને કદી મળ્યો છે?’

‘કેમ, ભૂલી ગયા? વેરાવળમાં મહેન્દ્ર ‘સમીર’, પાજોદ દરબાર, ને આપણે સૌ નહોતા મળ્યા? ભૂલી ગયા?’ મેં પૂછ્યું.

‘તો પછી?’ એ બોલ્યાઃ ‘તોય ભૂલી ગયો, કે એ વખતે પણ મેં એમને મારી જિંદગીના ફિરસ્તા કહ્યા હતા!’

સાચી વાત છે. વેરાવળના દરિયાકિનારે પુરબહાર ખીલેલી ચાંદનીમાં ખરેખર અમૃત ઘાયલ એક વાર ખીલ્યા હતા. અચાનક પોતાનો જ એક શેર તરન્નુમમાં બોલવા માંડ્યાઃ

શરદની ચાંદની રાતે, સુકોમળ અંગુલી સ્પર્શે;

તમે છેડી હતી, હળવે સિતારી! યાદ આવે છે.

પવન વાળી જતો’તો એ અટારી યાદ આવે છે.

જતી’તી પાથરી પૂનમ પથારી, યાદ આવે છે.

એ વખતે પાજોદ દરબાર પણ હાજર હતા. મહેન્દ્ર ‘સમીર’ પણ. એ બન્ને વાતે વળગ્યા હતા ત્યાં ઘાયલસાહેબ મારા કાન પાસે મોં લાવી ધીરેથી બોલ્યાઃ ‘તને ખબર છે, અમૃતલાલ લાલજી ભટ્ટ તો એક સાધારણ રસોઇયાનો છોકરો હતો. સરધારનો, એક તો રસોઇયાનો દીકરો ને વળી રાંધણછઠે જન્મ્યો. ઓગણીસસો ને પંદરની સાલમાં. બાળપણમાં બાપનાં ધોતિયાં ધોતો, ઘોડી ચરાવવા જતો, લોટ માગવા આજુબાજુનાં ગામ જતો, વળતાં કૂવામાં ધુબાકા મારતો. શિવલિંગમાં પાણીના લોટાના અભિષેક કરતો, મા-બાપનાં અગિયાર સંતાનોમાં જે વચલો, સાવ નપાવટ… આવા અમૃતલાલ લાલજી ભટ્ટને, તને ખબર છે, ‘ઘાયલ’ કોણે બનાવ્યો?’ પછી પાજોદ દરબાર તરફ આંગળી ચીંધીને કહેઃ ‘આમણે.’

એ વખતે પાજોદ દરબાર ‘મારોય એક જમાનો હતો, કોણ માનશે?’વાળી ગઝલ ‘સમીર’ને સંભળાવતા હતા. ઘાયલસાહેબે જોરથી એમને બૂમ પાડીઃ ‘અરે દરબારસાહેબ, યાદ હૈ હમ લોગ પહેલે પહેલે કબ મિલે થે?’

‘કબ મિલે થે?’ એમણે હસીને કહ્યુંઃ ‘હમેં તો યાદ હૈ, લેકિન આપકો ભી યાદ હૈ ક્યા?’

‘બિલકુલ યાદ હૈ.’ ઘાયલસાહેબ બોલ્યાઃ ‘ઉન્નીસસો છત્તીસ કી સાલ રહી હોગી. મૈં રાજકોટ મેં પઢ રહા થા, આલ્ફ્રેડ હાઈસ્કૂલ મેં. મૈં લેફ્ટહૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન થા. ફિર હૉકી ભી ખેલની શુરૂ કી. હમને યંગ બ્લડ નામ કી ઇક ટીમ બનાઈ થી ઔર પીપલ કે પેડ કી ડાલિયોં સે હોકી ખેલા કરતે થે. હમારે પ્લેગ્રાઉન્ડ કે બિલકુલ સામનેવાલી કોઠી મેં હી આપ રહેતે થે.’

‘હા,’ રુસ્વાસાહેબ બોલ્યાઃ ‘મૈં રાજકુમાર કૉલેજ મેં પઢતા થા, ઔર પૉલિટિકલ એજન્ટ મિસ્તર હાર્વે કે બંગલે મેં રહેતા થા. આપલોગ રોજ ખેલતે ઔર મૈં અપની મોટરકાર ખડી રખ કે દૂરસે દેખને કે લિયે પલ દો-પલ રુકતા.’

‘ફિર?’ અમૃત ઘાયલ દરિયાની રેતીમાં લેટી ગયા. રૂપેરી આકાશ તરફ જોઈને અતીતમાં ખોવાઈ ગયાઃ ‘ઇક દિન હિંમત કર કે મૈં આપ કે પાસ આયા - બોલા, દરબારસાહેબ, આપકો ભી હૉકી ખેલને કા શૌક લગતા હૈ. હમ તો ગરીબ વિદ્યાર્થી હૈ. અગર ઇસ બાત સે આપકો કોઈ ઐતરાઝ ન હો તો આપ ભી હમારે ખેલ મેં શામિલ હોતે રહીએ.’ પછી દરબારસાહેબ તરફ જોઈને કહેઃ ‘યાદ હૈ ન આપકો?’

‘માશાલ્લાહ!’ દરબારસાહેબ બોલ્યાઃ ‘હૂ-બ-હૂ યાદ હૈ ઘાયલસાહબ, આપ કે ન્યોતે કે બાદ ભી દો દિન મૈં જરા હિચકિચાયા, કી લોગ ક્યા કહેંગે? પાજોદ કે નવાબ કા શાહજાદા હોતે હુએ ભી ઇન લોગો કે સાથ ખેલતા હૈ! મગર તીસરે દિન મૈં આપકી ટોલી મેં આ હી ગયા.’

‘હા.’ ઘાયલ જોરથી હસ્યાઃ ‘ફિર તો આપને અપની શાન કે મુતાબિક હમારી ટીમ કે ઉપર સાલાના છે હજાર કા ખર્ચા ભી મંજૂર કિયા. અચ્છી સે અચ્છી હૉકી-સ્ટિક ઔર બઢિયા સે બઢિયા કિટ ટીમ કે સબ મેમ્બરોં કો દિલવાઈ.’

■

હૉકીના મેદાન પર પાજોદ દરબાર ઉર્ફે રુસ્વા મઝલૂમી અને અમૃત ઘાયલે હાથ મેળવ્યા તે એમને એમ ને એમ આંકડા ભીડેલી હાલતમાં કવિતાના મેદાન સુધી કેવી રીતે ખેંચી લાવ્યા? એક રાજવીનો નબીરો અને બીજો રાજકોટના રાજવી લાખાજીરાજના રસોઇયા લાલજી ભટ્ટનો છોકરો. બાપા કહેતા કે રાંધણછઠ્ઠના દિવસે જન્મ્યો છે તે ઉત્તમ રસોઇયો થશે. સુખી સુખી થશે. સુખની વ્યાખ્યા કઈ? તેલ-હળદરના ડાઘવાળું

પંચિયું પહેરીને લાલજી મા'રાજ લાખાજીરાજનું રસોડું કરીને બે ઘડી લાંબા થયા હોય. પગ કળતા હોય ત્યારે દીકરો અમૃતલાલ એમને ચંપી કરી દે. તો તામસી મગજના બાપા એ વખતે જીવ ઠારીઠારીને એમને પોતાનો 'સુખ' નામનો દેશ દેખાડેઃ 'જો દીકરા, કોઈ દિવસ અનીતિ મા કરજે. પ્રામાણિક રહેજે. જો હું પ્રામાણિક રહું છું તો જોયું ને, કેટલો સુખી છું? અગિયાર રૂપિયા પગાર. લાખાજીરાજ બાપુ હાર્યે ગામેગામ ફરવાનું. એમની રસોઈ બનાવવાની, એમને ચાખી બતાવવાની. એમને મારા પર કેટલો ભરોસો? બાપુ મારા હાથનું ખાય. ઈ મહારાજા ને હું મહારાજ. બોલ, કંઈ મોટો ફેર ખરો? હું કેટલો સુખી?'

અમૃત ઘાયલે મને આ વાત કરતાં કહ્યુંઃ 'મારા બાપ સુખી હતા. મારા નાના સુખી હતા, ને મારી મા સુખી હતી, પણ મને આ શાયરીનું ભૂત કેમ સુખે સૂવા દેતું નથી?'

'તમને તમારા મોસાળમાંથી કવિતાના સંસ્કાર મળ્યા હશે.' મેં કહ્યુંઃ 'હવે ભોગવો.'

એ ઊંડા વિચારમાં ઊતરી ગયા. પછી બોલ્યાઃ 'મારી મા તો બિચારી અલ્લાઈ ગાવડી હતી. શાયરીની વાત એ શું જાણે? ભોળી હતી. ખરેડી ગામના એક કૂવાના અવેડામાં એનો જન્મ થયો હતો એટલે સૌ એને લાડમાં અવેડી કહેતા તે સુખે સાંભળી રહેતી. લગ્ન કર્યાં પછી મારા બાપના આગલા ઘરનું એક, અને પોતાનાં દસ, એમ અગિયાર સંતાન એણે ઉછેર્યાં. એમાંથી કોઈ પાછું થયું નહીં. અખંડ ચૂડો કહેવાતી એટલે ગામની વહુવારુઓ સગર્ભા થાય ત્યારે પેટ પર મારી માના હાથનો ચાંદલો કરાવવા અને ચૂડલો પહેરવા આવતી. પુત્ર પ્રસવેને, એટલે! એ બચાડી કચ્ચાં-બચ્ચાંની આવળગોવળમાંથી ઊંચી આવે કે મને કવિતાના સંસ્કાર રેડે?' પછી વળી અટકીને યાદ કર્યું. આંખો ભીની થઈ. બોલ્યાઃ 'હા, મારા નાના ભગવાનજી ઠાકર ખરેડીમાં ગામોટું કરતા તે અભણ હતા. છતાં શીઘ્ર કવિ હતા અને દરબારોનાં માથાં ડોલાવતાં એની ના નહીં. બીજા પણ એક નાતીલા નામે ગૌરીશંકર કવિ હતા. આ બધા કવિ અને મારી માની સોરઠી ભાષાનું પોત હજુય મારી શાયરીમાં છવાયેલું રહ્યું છે, મારી શાયરીની કસમ, હું મરી જઈશ, પણ તેઓ કદાપિ નહીં મરે...'

પહેલાં તો મને એમના છેલ્લાં વાક્યોમાં વ્હીસ્કીની પ્રેરી ભાવવિહ્વળતા ગંધાઈ, પણ પછી મને લાગ્યું કે આ રીતે વિચારીને જ કેટલાક પ્યાસી માણસોની પ્રેમભરી વાતોનું વજન આપણે ઓછું કરી નાખતા હોઈએ છીએ, જે ખોટું છે. બાકી એ તો આ રીતે પોતાના કવિત્વનું પગેરું આપતા હતા. ઘાયલ અમસ્તા પણ આમ જ બોલ્યા હોત. એમ તો ઘાયલ રુસ્વાસાહેબ પાજોદ દરબાર વિશે પણ બોલતા હતા. શું એ પણ ખોટું હતું? ઘાયલ બોલ્યાઃ 'હૉકીના મેદાનની દોસ્તી પછી દરબારસાહેબે મને એમની શાદીમાં બાંટવા આવવાનું આમંત્રણ આપ્યું. હું ગયો. ત્યાં હિંદુઓ માટે અલાયદી સગવડ હતી. વ્યવસ્થા એટલી ઉત્તમ હતી કે ત્યાંથી પાછા આવ્યા બાદ મેં એમના મામાના દીકરા અને

બનેવી નૂરમોહમ્મદને પત્ર લખ્યો. એ મારી સુંદર ભાષાથી રાજી થયા હશે તે એમણે દરબારસાહેબને બતાવ્યો. તો એ પણ અચંબે ગરકાવ. અરે, ભટ્ટભાઈ, આવું સરસ સરસ લખે છે! રાજકોટ આવીને મને કહે કે આવી સરસ ભાષા છે તો તમે 'શયદા' જેવું કેમ લખતા નથી? હવે બચપણમાં તળાવની પાળે ક્યારેક કલાપિનો કેકારવ વાંચતો. પણ આ શયદા કોણ? તે ભૂતોભાઈ જાણે! મેં કહ્યું: 'દરબારસાહેબ, મારી મશ્કરી ન કરો. હું મૅટ્રિકમાં ચાર વાર નાપાસ થનાર લોટમગો છું. ક્રિકેટને કારણે સ્કૂલને મારી શરમ નડે છે. બાકી પરીક્ષાના રૂમમાં પ્રશ્નપત્રના જવાબ ન આવડે તો પ્રશ્નપત્રની પાંચ વાર કૉપી કરીને કાલક્ષેપ કરનારો મતિફેર માણસ છું.'

દરબારસાહેબને મેં પૂછ્યું: 'આ ઘાયલસાહેબ સાચું કહે છે? સાક્ષી આપો.'

એ હસીને બોલ્યા: 'હા, એમ જ બોલ્યા હતા. પણ એમાંથી મારે કેટલું માનવું એ હું જાણું. પ્રવાસમાં, મુશાયરાઓમાં એમને સાથે લઈ જવા માંડ્યો. મને તો ઠીક, પણ મારા કામદારને પણ એવી છાપ પડી કે ભટ્ટભાઈને આપણે કાયમ આપણી સાથે રાખી લેવા જોઈએ. મેં કહ્યું: રાખી લઈએ. આપણા સાહિત્યનાં કામ એમને સોંપીશું. પહેલું કામ લાઠી જવાનું સોંપ્યું. 1938માં લાઠીમાં કલાપી જયંતી ઊજવાતી હતી. મેં કહ્યું, 'ત્યાં જાઓ અને અમારા વતી ભાગ લો.'

ઘાયલ કહે છે કે પોતે ત્યાં નવો અવતાર પામવા ગયા. 'મઢૂલી મજાની પેલે તીર , ઓ સંતો વહાલા'ના કવિ લલિતજી સાથે ઉતારો મળ્યો. નહાઈ-ધોઈને નિત્ય સવારે કલાપીની સમાધિએ જવાનું. ત્યાંથી નીકળી મોંઘીમા (શોભના)નાં દર્શને જવું અને તેમની પાસેથી પ્રણયરસઘેલા કવિ કલાપીનાં સંસ્મરણો સાંભળવાં, પછી કલાપીના પૌત્ર પ્રહ્લાદસિંહજી કે જે 'રાજહંસ'ના નામે કાવ્યો લખતા તેમને મંચ સુધી કંપની આપવી, મંચ પર જઈ કલાપીની ગઝલો ગાવી, બપોરે કુમાર મંગલસિંહજીના સ્ટુડિયોમાં ચિત્રો જોવા જવું, સાંજના બગીચામાં બેસીને મંજીરા સાથે લલિતજીનાં ગીતો સાંભળવાં, રાતે ભોજન પ્રત્યે કલાપીના પુત્ર જોરાવરસિંહજી ચોધાર આંસુએ કલાપીનો કેકારવ વાંચે એ સાંભળવું – આમ દસ દિવસ પસાર થઈ ગયા. ને એમાં આ દરબારસાહેબનો કાગળ આવ્યો.

મેં પૂછ્યું: 'શો આવ્યો?'

એ બોલ્યા: 'એમણે લખ્યું કે કલાપીની પુણ્યભૂમિ લાઠીમાં ગયા છો તો પાછા આવો ત્યારે કંઈક પ્રસાદી પામીને આવજો.' હું વિચારમાં પડી ગયો. હું તો એક સામાન્ય 'ભટ્ટભાઈ'! શી પ્રસાદી લઈ જાઉં? મૂંઝાયો. સાંજે કલાપીની સમાધિ પર ગયો. તો ત્યાં તો મૂંઝારો ઓર વધ્યો. શું લઈ જઉં પ્રસાદી! જીવ ચૂંથાવા માંડ્યો. રડવા જેવું થાય. સમજાય નહીં કે શું થાય છે? પ્રહ્લાદસિંહજી ઘણું પૂછે કે 'કેમ ભટ્ટભાઈ, આમ ઉદાસ?' મેં કહ્યું 'સમજાતું નથી. કંઈક થાય છે એ નક્કી.'

'હવે અત્યારે તો કહો' મેં પૂછ્યું: 'શું થતું હતું એ વખતે?'

'હજુ નથી કહી શકતો.' એ બોલ્યાઃ 'મૂંઝારો વ્યક્ત થવા માગતો હતો. સામે માછલીઘર હતું. કાચના ઘરમાં કેદ. આપણે અંગ્રેજોની ગુલામીમાં કેદ હતા એમ લાગતું હતું. માછલાં કેદમાં - આપણે પણ કેદમાં. પણ એ ક્રીડા કરતાં હતાં - ને આપણે આપણે એકબીજાની હત્યા કરતા હતા. આવો વિચાર સ્ફુર્યો ને મનમાં છંદ બંધાવા માંડ્યો. સમાધિ સામે જોતો જાઉં ને પંક્તિ ઉતારતો જાઉં. ગઝલ જેવું કંઈક નીપજ્યું. લલિતજીને રાતે બતાવ્યું તો કહે તમે સારા કવિ થશો, પણ કહો તમારી પ્રેરણામૂર્તિ કોણ છે? કઈ છે એ સુંદરી? મેં કહ્યું, સુંદરી નથી. એ તો સુંદર જણ છે. એ છે પાજોદના દરબાર ઇમામુદ્દીનખાન. એમનો આગ્રહ છે કે મારે ગઝલ લખવી. લખું? લખાશે? એટલે લલિતજી બોલ્યાઃ 'એને માટે ઉર્દૂનું પણ જ્ઞાન હોય તો સારું. આવડે છે ઉર્દૂ? લ્યો, બ્રાહ્મણ રસોઇયાના છોકરાને 'ઘાયલ' બનવા આડે આ નવું પદક નડ્યું.'

'ઘાણી કરી ને?' મેં પૂછ્યું.

ઘાણી કરી એમ ન કહેવાય. ઘાયલસાહેબ મને કહેઃ 'કાઠિયાવાડી લઢણમાં એને ગોપી કરી એમ કહેવાય. તળપદા સોરઠી શબ્દપ્રયોગનો સાચો ઉપયોગ શીખ. તને લેખક કોણે બનાવ્યો? મને બ્રાહ્મણ રસોઇયાના છોકરાને કોઈ ઉર્દૂ શીખવાનું કહે એટલે એ ગોપી થઈ કહેવાય. સમજ્યો?'

વધુ સામે બોલવાથી સ્વસ્તિવચનો મળે. એવું જોખમ કોણ કરે? મેં કહ્યુંઃ 'જૂનાગઢના મારા કવિમિત્ર પ્રફુલ્લ નાણાવટી કહેતા હતા કે તમે સ્ટેશનનાં પાટિયાં વાંચી વાંચીને ઉર્દૂ શીખ્યા. એ વાત સાચી?'

'પ્રફુલ્લ સાચો છે.' એ બોલ્યાઃ 'એ વખતે સ્ટેશનનાં પાટિયાં ઉર્દૂમાં પણ હતાં એટલે એમ બનેલું. પણ એ તો લિપિની ઓળખ થઈ. એ કંઈ ભાષાજ્ઞાન થોડું આપે? એ તો...' આગળ બોલવા માટે ગળામાં શબ્દ અટક્યા હશે તે એમણે વ્હીસ્કીથી ગળું પખાળીને બહાર કાઢ્યા. પાજોદ દરબારસાહેબના કુમારો અયાઝ અને ઇશરતને ઉર્દૂ શીખવવા ઉસ્તાદ આવતા હતા એમની પાસેથી હું શીખ્યો. શાયરી કરવાનો કોઈ ઇરાદો નહીં - ફક્ત શાયરી સમજવા માટે જ હોં!'

શાયરી સમજવા માટે વળી શાયરો વચ્ચે બેસવું પડે. પાજોદ અને જૂનાગઢને ફક્ત વેંત એકનું છેટું, પગડે ઘા. જૂનાગઢમાં મનોજ ખંડેરિયા જેવા મહારથી હતા તો એ વખતેય ચોરાનો વંશ કંઈ નિર્મૂળ નહોતો. કામિલ હતા. કામિલ જૂનાગઢી, સિદ્દીક ???જૂનાગઢી???, કમર જૂનાગઢી સૌ ગઝલના ઉપાસકો. રાંદેરમાંથી 'વહેશી' નામના શાયર 'કારવાં' નામનું શાયરીનું છાપું કાઢતા. મહાગુજરાત ગઝલ મંડળની સ્થાપના પણ થઈ ચૂકી હતી. એના પ્રમુખ 'બેકાર' રાંદેરી હતા. રતિલાલ 'અનિલ' અને મીન 'આઝાદ' જેવા એના તાજા સભ્યો હતા. આવું ઇન્દ્રધનુષ ક્ષિતિજે પ્રગટતું હતું, પણ ઘાયલને ગઝલના પિંગળની તલબ હતી. તો 'વહેશી'જીએ કહ્યું કે 'ઝાર' રાંદેરીનું અરુઝ

વાંચો. ગુજરાતભરમાં પ્રથમ કહેવાય એવું ગઝલનું છંદશાસ્ત્ર છે. ઘાયલે એય વાંચ્યું. છંદ પર પકડ જમાવી. 'શયદા'નો જમાનો હતો. હુશ્ન અને ઇશ્કનો વરસાદ ગઝલમાં થતો. શમા અને પરવાનાથી ગઝલ પીળી પડી રહી હતી. તો શું ઘાયલે એ બધા શાયરોના કાફલામાં જોડાવું?

'ઘાયલ પોતાના મોંએથી નહીં કહે.' પ્રફુલ્લ નાણાવટી એક વાર મને કહેતા હતાઃ 'પણ એમણે પ્રતિજ્ઞા કરી કે હું લખીશ તો સોરઠી બાનીમાં ગઝલ લખીશ. ગઝલનું ગુજરાતીકરણ કર્યું. રુદનની જગ્યાએ રૂપ અને ઇશ્કની જગ્યાએ પ્રણય શબ્દો એમની ગઝલમાં આવ્યા. અરે, લગભગ સો ઉપરાંત ગઝલો તો એમણે એ માટે લખી લખીને ફાડી નાખી.'

આ યાદ કરીને મેં ઘાયલસાહેબને કહ્યું કે તમારે માટે આ માનપત્ર કે મેમો, જે ગણો તે આ છે. કરો ખુલાસો મિનિટ પાંચમાં. તો જવાબ દેવા માટે ટટ્ટાર થવામાં એમને ઉધરસ નડી. કહે કે હમણાં આ ખાંસીની બીમારી વળગી છે. રાજકોટ જઈને ડૉક્ટરને બતાવવાનો છું, પણ મરણપથારીએ હોઈશ તો પણ એટલું તો કહીશ કે ઉર્દૂ ભાષા માટે મને માન, પણ ગુજરાતી ભાષા તો મારે ગળે વળગી હતી. અરે પ્રફુલ્લ કહે છે એ અરસામાં તો હું સાવ મૂંગો બની ગયો હતો. શું કહેવાય? બાવરો બની ગયો હતો. મારે ગુજરાતી ગઝલમાં તત્ત્વજ્ઞાનનો રંગ લાવવો હતો. એક એક શેર ઉપર બબ્બે રાતનું જાગરણ કરતો. તરફડાટ હતો એક. ભગવાનને કહેવું હોય કે તું મારા હૃદયમાં છે, પણ ક્યાંય દેખાતો કેમ નથી? આ વાત માટે મારા મનમાં પચાસ જાતની રીતે પચાસ શેર બંધાય. મને માણ ન વળે તો એ બધાય હું ફાડી નાખું. એકાદ શેર કંઈક ઠીક લાગે તે રાખું. જેમ કે -

'ગયા પોતે, અને લેતા ગયા રોનક બધી સાકી,

પડ્યું છે એમ ઘર જાણે નથી રહેતું કોઈ ઘરમાં.'

'તું સમજે છે?' એ બોલ્યાઃ 'મારી વેદના સમજે છે?' બોલતાં બોલતાં પાછા એવા ખોવાઈ ગયા કે ચાલીસ વરસ પીગળી ગયાંઃ 'અરે...' એમણે કહ્યુંઃ 'પાજોદ દરબારસાહેબના પાંચ-છ બચ્ચાંઓને રાજકોટ ભણાવવા જવાનો સમય આવ્યો ત્યારે બેગમ સાબિરાસાહિબાએ હુકમ કર્યો કે ઘાયલ, તુમ સાથ જાઓગે તો હી મૈં બચ્ચોં કો ભેજુંગી. તુમ રાજકોટ જાઓ ઔર બચ્ચો કે ગાર્ડિયન બન કે રહો.' પણ મેં ગલ્લાંતલ્લાં કર્યાં. કહ્યું 'માં, મૈં ખુદ ઇક ખોઈ હુઈ હસ્તી હૂં, મૈં બચ્ચોં કા ખ્યાલ કૈસે રખુંગા?' તો એ બોલ્યાંઃ 'મુઝે માલૂમ હૈ કી તુમ ખોઈ હુઈ હસ્તી હો મગર મુઝે માલૂમ હૈ કી તુમ ઇસ ખોયે હુઈ આલમ મેં ભી અપને આપકો સમ્હાલ સકતે હો... તો બચ્ચોં કો ક્યું નહીં સમ્હાલ સકતે?'

'પછી ગયા કે નહીં?' મેં પૂછ્યું.

'અરે, માંસાહેબનો હુકમ માન્યા વગર તે કંઈ ચાલે?' એ હસ્યા 'એમનો હુકમ તો એવો માનતો હતો કે એક વાર મારી શરાબખોરી પર ગિન્નાઈને એમણે પ્રેમવશ કહ્યું કે જાઓ, ડૂબ મરો. તો ખરેખર હું કુંડીમાં જઈને પડ્યો. પછી આવીને મને બેઠો કરીને કહેઃ 'અરે ઘાયલ, મૈંને ઐસે થોડા કહા થા?'

લગભગ '46માં હશે. પાજોદ-દરબારનાં બાળકોને લઈને ઘાયલ રાજકોટ આવ્યા. તો ત્યાં વળી એક ગુરુ ભેટી ગયા. બક્ષીપંચવાળા અનંતરાય બક્ષી ઉર્ફે બચુભાઈ બક્ષી. કહે કે ભાઈ, તમારી અને પાજોદ-દરબારની મૈત્રી સમજું છું, પણ આગળનાં એંધાણ આપું છું કે રજવાડાં હવે ઝાઝો વખત નથી. તમે પાજોદમાં પડ્યા રહો એ મને ગમતું નથી. તમે મૅટ્રિક થઈ જાવ મૅટ્રિક. જાઓ, તમારાં પુસ્તકો, અને ટ્યુશનની ફીની વ્યવસ્થા મારી. પણ હવે સમજો. 1947 સુધીમાં થઈ જાઓ. ઘાયલ ગંભીર થઈ ગયા. શાયરી-ફાયરી બંધ, પણ ભગવાનને એ મંજૂર નહીં કે ફૂલ ફોરમ વગરનું ને ઘાયલ શાયરી વગરના રહે. ગાંધીજીની હત્યા. ને ઘાયલ પાછા ભભૂક્યાઃ

બેતાજ બાદશાહ, તમારા થકી હતી.

આફત મહીં પનાહ તમારા થકી હતી.

એ જોમ પણ ગયું ને જવાંમર્દી પણ ગઈ,

અમ જિંદગી પ્રવાહ તમારા થકી હતી.

નિર્દોષ ગણશે કોણ દલિત વર્ગને હવે

એ કોમ બે-ગુનાહ તમારા થકી હતી.

આમાં કંઈ મૅટ્રિક થવાય? નાપાસ. જોકે નાસીપાસ નહીં. ફરી વાર બેઠા તો પાસ થયા. ગાર્ડિયનશિપ પણ ચાલુ અને કૉલેજ પણ ચાલુ. જોકે કામ આવ્યું તે ક્રિકેટ, શાયરી નહીં. સ્કૉલરશિપ મળી તે એ કારણે, પણ અભ્યાસયોગ અવરોધાયેલો તે હિંદુ-મુસ્લિમ હુલ્લડ ફાટી નીકળ્યાં. મુસલમાનનાં પાંચ સંતાન, ને તે પાછાં રાજવી કુટુંબનાં, જે આ શાયર બ્રાહ્મણની પાંખમાં. પાંખ કપાય ને બચ્ચાં જોખમાય એવી સ્થિતિ. માથે પરીક્ષા ગાજે. એફ.વાય.ની ને બીજી આ અગ્નિપરીક્ષા આવી ઊભી. સગા સંતાનથીયે વહાલાં આ મિત્ર-સંતાનો. કૉલેજ જાય જહન્નમની ખાડીમાં. ને હું તો આ ચાલ્યો પાજોદ. પ્રિન્સિપાલ યાજ્ઞિક કહે, 'મીસ્તર ભટ્ટ, આઇ હૅડ એ ફેઇથ ઇન યુ, બટ નાવ આઇ ઍમ રિવાઇઝિંગ માય ઓપિનિયન. આઇ હૅવ લૉસ્ટ માય ફેઇથ ઇન યુ.'

■

આ બાબત પાજોદ-દરબાર જૂનાગઢમાં એક વાર મને મળ્યા ત્યારે કહેઃ 'એ વાત સો ટકા સાચી છે. ઘાયલ ક્યાં કોઈના ઓપિનિયનના મોહતાજ હતા? એ તો પાંચેય બચ્ચાંને લઈને પાજોદ આવતા રહ્યા. મેં પૂછ્યું કે અરે ઘાયલસાહેબ, આપકી કાલીજ કી

ઇમ્તિહાન કા ક્યા હુઆ? તો કહે, દરબાર-સાહેબ મેરી હથેલીમાં ઇલમ (અભ્યાસ) કી જો લકીરથી વો રફ્તા રફ્તા મીટ રહી હૈ. આપ ગમ ન કરે. બચ્ચોં કો સમ્હાલિયે. બડી મુશ્કિલ સે હુલ્લડખોરોં કી નજર સે બચાબચાકર લાયા હું. સમ્હાલિયે અપની અમાનત.'

દરબારસાહેબે પોતાની 'અમાનત'તો સંભાળી, પણ એમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. એમને થયું જ હશે કે આવા દોસ્તો, આવો દેશ, આવાં સ્નેહસરોવરો જગતમાં બીજે ક્યાં હોય? આવા ડોલક વિચારો આવે તે સાવ સ્વાભાવિક હતું. કારણ કે એ કાળે એમના પર તરપીટિયો પડતો હતો. 'પાકિસ્તાનમાં જોડાઓ - પાકિસ્તાનમાં જોડાઓ.' લોહીનાં સગાંઓ અને માણાવદર સરદારગઢ જેવાના નવાબો પાકિસ્તાન માટે દબાણ કરતા હતાઃ 'દરબાર-સાહેબ, કાફીરોં કી હુકૂમત મેં રહકે બરબાદ હો જાઓગે. કુછ દિલો-દિમાગસે સોચો.' આવું સાંભળીને દરબાર-સાહેબ ઘાયલસાહેબ, શામળદાસ ગાંધી અને બચુભાઈ બક્ષી સામે જોતા હતા. ધુમ્મસ હતું. નિર્ણય કરવાનો હતો. અંતે કર્યોઃ 'મેરા દિલોદિમાગ કહેતા હૈ કિ મુઝે યહાં હિંદુસ્તાન મેં હી રહના ચાહીએ. મૈં મેરી ઇસ પ્યારી જમીં કા ટુકડા લે કે કહાં જાઉં? કહાં મિલેંગે મુઝે ઐસે દોસ્ત, ઐસે ઈમાનપરસ્ત ઔર નેક ઈંસાં?'

દરબારસાહેબ પાસે હું એ બધી વાતો આખું ફીંડલું ઉખેળાવવાનો હતો, પણ એમણે ઘાયલપરસ્તી બતાવી. 'અરે ભાઈસાહેબ, આપ હમારી બાતે ફિર કભી લિખના. આપ ઘાયલ સે યે તો પૂછો કી ઉનકા પાજોદ કા પીંજરા કબ છૂટા?'

સાંભળીને કેમેય ન બંધાતી ટાઈ બાંધવાનો દાખડો કરતા ઘાયલસાહેબના હાથ થંભી ગયા. ઊંચું ઊંચું પાટલૂન, વૃદ્ધાવસ્થાને કારણે સહેજ નમી ગયેલી ગરદન અને હવે સહેજ બેસી ગયેલા ગાલ ઉપર જ્વાળા જેવી આંખો સાથે એમની ટાઈ મેક-અપના પૂર્ણવિરામ જેવી લાગે છે. એટલે ટાઈ બાંધતા હોય ત્યારે કોઈ એમને છંછેડતું નથી. ટાઈની ગૂંચવાયેલી ખીજ આપણા પર ઊતરે, પણ દરબારસાહેબની ફેંકેલી કાંકરી એમને વાગીઃ 'પાજોદ કો સોને કા માનતા હૂં, મગર પીંજરા નહીં માનતા દરબારસાહેબ, આપ પર બોજ બન કર કબ તક બૈઠા રહતા? આપ ખુદ અપની મરજી સે રાજા સે ફકીર બન ગયે. દરબારગઢ બેચ ડાલા - જમીન ભૂદાન મેં દે ડાલી - રાજ ચલા ગયા...ઇસ લિયે મૈંને ખુદ આપસે રજા માંગી, વરના આપ તો કબ હમેં જાને દેને વાલે થે?'

દરબારસાહેબ સ્વેચ્છાથી ફકીર બની ગયા ને ઘાયલસાહેબની કંઈક એવી જ ગત થઈ. પત્ની ગુજરી ગયાં. માત્ર મહારાજ હોવા છતાં મહારાજાનું સુખ અર્કભૂત કરતા પિતા ગયા. સલાહ આપતા ગયા હતા કે દીકરા, પ્રામાણિક રહેજે - રોટલો નીતિનો ખાજે. આવી સલાહ, આવો માણસ અને એવો સંજોગ. માણસ એકડેથી શરૂ કરે. અમૃતલાલ લાલજી ભટ્ટ ઘાયલત્વ ગોપવીને પી.ડબલ્યુ.ડી.માં મુકાદમ બન્યા 1949માં. એક એ પણ જોગાનુજોગ કે ગુજરાતી ફિલ્મોના મશહૂર હાસ્ય અભિનેતા રમેશ મહેતા જે આગળ

જતાં ઘાયલસાહેબના વેવાઈ થયા એમણે પણ કારકિર્દીની શરૂઆત પી.ડબલ્યુ.ડી.માં મુકાદમ બનીને જ કરી હતી. ઘાયલસાહેબ પણ સાઇટ પર જાય. મજૂરોની હાજરી પૂરે ને એમાં વળી તાળવું ફાડી નાખતા તડકામાં શેર પણ સ્ફુરે. ટપકાવી લે. સામે પથરા ફૂટે, અહીં શેર ફૂટે. જુગલબંધી સારી તે 1952માં ઢેબરભાઈના હાથે પહેલો ગઝલસંગ્રહ 'શૂળ અને સમણાં' બહાર પાડ્યો ત્યારે સૌ મજૂરોને ખબર પડી કે 'આલેલે... આ તો મારો વાલીડો ગજલુંય ઢઈડે છે...! ભટ્ટભાઈ તો ભઈ ભારી.'

ભટ્ટભાઈ ખરેખર 'ભારી' તે ધીરેધીરે ડિવિઝનલ અકાઉન્ટન્ટ થયા, પણ ગણિત સાથે મૂળ શરૂથી જ ખરખરાનો સંબંધ. દસ આંકડાનો સરવાળો કરવો હોય તો ત્રણને ટુકડે કરે. વચ્ચે ઘૂંટડો પાણી (?)ય પીવું પડે કદાચ. એટલે જગ્યા જ સ્વીકારી નહીં, ને વળી ઠેઠ સાવરકુંડલે જાય કોણ? એટલે રિવર્ઝન લઈને હેડક્લાર્ક થયા. પછી મનોબળ મજબૂત કર્યું. કોઈ એમ કહી જાય એ વખતમાં શો માલ છે કે ઘાયલ ઊંચી પદવીથી હરેરી ગયા. એટલે '61ની સાલમાં ભૂજમાં ડિવિઝનલ અકાઉન્ટન્ટ થયા. લાંબું ચાલ્યું. પછી ફેંક્યા સુરેન્દ્રનગર.

■

કચ્છની વાત આવી એટલે મારા મનમાં સ્વ. મહેન્દ્ર 'સમીરે' વર્ણવેલી કચ્છની ચાંદની રાત તાજી થઈ. કાનને દોષ છે. 'સમીર તો ગયા, પણ મારા મનમાં જંગલી શેળો મૂકતા ગયા છે. ચાંદની રાત હતી. ભૂજ-અંજારની રૂપેરી સડક પર પૂરપાટ રેવાલ ચાલે મોટરકાર દોડતી હતી. 'સમીર' અને વેલજી ગજ્જર પ્રસિદ્ધ લોકગાયક, પૂરા સ્વસ્થ, પણ ઘાયલ ચકચૂર. મનમાં ગઝલનો એકાદ મિસરો બંધાતો હશે ત્યાં મોટરની એકધારી ગતિમાં રોદો આવ્યો. બ્રેક લાગી. ઘાયલના મનમાં બંધાતો મિસરો તૂટ્યો. 'સમીર' એમણે પૂછ્યું: 'ગાડી કો યહ ધક્કા કૈસે આયા?' સમીર કહે, 'ઘાયલસાહેબ, એ તો એક શેળો આડો ઊતર્યો એટલે વેલજીભાઈએ ગાડીને બ્રેક મારી.' (શેળો એટલો જંગલી પ્રાણી).

'મગર' ઘાયલસાહેબે પૂછ્યું: 'વો શેળા આડે ક્યૂં આયા?'

હવે આપણે જાતે શેળો હોઈએ તો જ આનો સાચો જવાબ મળે. સમીર કહે: 'બસ, આયા.'

ઘાયલસાહેબ ચિડાયા: 'મગર વો શેળા આડે આયા હી ક્યૂં? મેરા મિસરા તૂટા - વો આડે...'

સમીર બોલ્યા: 'હમેં ક્યા માલૂમ? વો આયા તો આયા...'

ઘાયલસાહેબ ગરમ થઈ ગયા: 'મગર ક્યૂં આયા? મેરા મિસરા તોડને? ક્યૂં આયા?'


એકાએક ટીખળી સમીરને જવાબ સૂઝ્યો: 'ઘાયલસાહેબ, વો શેળા કિસી શેળી

કે પીછે પડા થા. જલદી મેં થા... ઇસ લિયે આડે આયા... મજનૂને મિસરા તોડા... ઉસકો મૂઆફ કરો...'

'હા...' ઘાયલસાહેબ એકદમ ડોલી ઊઠ્યાઃ 'તો યું બોલો ના? અરે, ઐસે ઇશ્કી શેળે પે તો સૌ ગઝલે કુરબાન... આખિર ગઝલ હોતી હી હૈ ક્યા? આશિક કી જુબાં... વાહ શેળે... વાહ...' પછી બોલ્યાઃ 'ક્યા જાન પે ખેલ કે માશૂક કો મિલને ગયા!'

ઘાયલસાહેબ ગઝલને માશૂકની જેમ ગળે લગાડીને ઠેર ઠેર ફર્યા. પચાસ વરસની ઉંમરે અકાઉન્ટન્ટના પ્રમોશન માટે ઇન્ટરવ્યૂ આપવા ગયા ત્યારે પણ ગણિત કામમાં ન આવ્યું, ન કામમાં આવી સિનિયોરિટી, આવી તો શાયરી કામમાં આવી. ઇન્ટરવ્યૂ લેનાર પંજાબી સાહેબ, એમને ખબર કે ઘાયલ શાયર છે. એમણે ગાલિબ પૂછ્યો. ઘાયલે ગાલિબ ઉપરાંત ફૈઝ અહમદ ફૈઝ અને ફિરાક ફફડાવ્યા. બસ, આનું નામ ઇન્ટરવ્યૂ! પસંદ થઈ ગયા, પણ ઉંમરના ડખા થયા. એટલે તાલીમમાંય જવું પડ્યું. આમ 'આખરી વક્ત મેં ક્યા ખાક મુસલમાં હોંગે?'ના ટોણાનો જવાબ પણ આપ્યો. 1972માં નિવૃત્ત થયા તે સરકારી નોકર અમૃતલાલ લાલજી ભટ્ટ, પણ શાયર 'ઘાયલ' નહીં. જીવનમાંથી પ્રથમ પત્ની તારા ગઈ હતી તો જેમને યાદ કરતાં અત્યારે ગળગળા થઈ જાય છે એ પત્ની ભાનુબહેને એમને એવા સાચવ્યા કે શાયરીના દોરને માંજો મળ્યો. 'શૂળ અને સમણાં'ની બીજી-ત્રીજી આવૃત્તિ, ઉપરાંત 'રંગ', 'રૂપ', 'ઝાંય' અને 'અગ્નિ' નામના બીજા ચાર, એમ પાંચ સંગ્રહોનો સંપુટ જાતે જ પોતાને ઘર 'દેવ-અમી' 16, ભક્તિનગર સોસાયટી, રાજકોટથી બહાર પાડ્યો.

ભાવનગરથી શાયર બટુકરાય પંડ્યાનો પત્ર હતો કે ઘાયલસાહેબ હમણાં બહુ બીમાર છે અને વ્યગ્રચિત્ત છે. સાચી વાત છે. એમના બીમાર હોવાનાં કારણો અનેક એમણે વહોર્યાં છે, પણ જો એમનું ચિત્ત વ્યગ્રતમ હોય તો સમજવું કે આ તો મોરની વ્યગ્રતા છે, ગઝલટહુકાની પૂર્વેની.



# વાસી ફૂલ વંટોળ ધકેલ્યું
# જઈ પડે બાગની બહાર

ઇંદુલાલ ફૂલચંદ ગાંધી



ઇંદુલાલ ફૂલચંદ ગાંધી

જન્મ સ્થળ અને વતન
મોરબી પાસે મકનસર

જન્મઃ 8-12-1911
અવસાનઃ 10-1-1986

પચાસથી પણ વધુ પુસ્તકો

સૌપ્રથમ પુસ્તક કાવ્યસંગ્રહ 'તેજરેખા (1931) અને પછી બીજા નવ જેટલા કાવ્યસંગ્રહો, ઉપરાંત નાટ્યસંગ્રહો અને બાળસાહિત્ય.

## આંધળી માનો કાગળ

*અમૃત ભરેલું અંતર જેનું સાગર જેવડું સત,*
*પૂનમચંદના પાનિયા આગળ, ડોશી લખાવતી ખત,*

*ગગો એનો મુંબઈ ગામે,*
*ગિગુભાઈ નાગજી નામે.*

*લખ્ય કે માડી! પાંચ વરસમાં પહોંચી નથી એક પાઈ.*
*કાગળની એક ચબરખી પણ, મને મળી નથી ભાઈ!*

*સમાચાર સાંભળી તારા;*
*રોવું મારે કેટલા દા'ડા?*

*ભાણાનો ભાણિયો લખે છે કે, ગિગુ રોજ મને ભેળો થાય,*
*દન આખો જાય દાડિયું ખેંચવા, રાતે હોટેલમાં ખાય,*

*નિત નવાં લૂગડાં પે'રે,*
*પાણી જેમ પૈસા વેરે.*

*હોટેલનું ઝાઝું ખાઈશ મા, રાખજે ખરચીખૂટનું માપ*
*દવાદારૂના દોકડા આપણે કાઢશું ક્યાંથી બાપ!*

*કાયા તારી રાખજે રૂડી;*
*ગરીબની ઈ જ છે મૂડી.*

*ખોરડું વેચ્યું ને ખેતર વેચ્યું, કૂબામાં કર્યો છે વાસ,*
*જારનો રોટલો જડે નહીં તે દી' પીઉં છું એકલી છાસ,*

*તારે પકવાનનું ભાણું,*
*મારે નિત જારનું ખાણું.*

*દેખતી તે દી' દળણાંપાણી કરતી ઠામેઠામ,*
*આંખ વિનાની આંધળી, હવે કોઈ ન આપે કામ,*

તારે ગામ વીજળીદીવા,
મારે આહીં અંધારાં પીવાં

લિખિતંગ તારી આંધળી માના વાંચજે ઝાઝા જુહાર,
એકે રહ્યું નથી અંગનું ઢાંકણ, ખૂટી છે કોઠીએ જાર,

હવે નથી જીવવા આરો,
આવ્યો ભીખ માગવા વારો.

## કાગળનો જવાબ

ફાટ્યાંતૂટ્યાં જેને ગોદડી-ગાભાં
આળોટવા ફૂટપાથ;
આંધળી ડોશીનો દેખતો દીકરો

કરતો મનની વાત.
વાંચી તારાં દુઃખડાં માડી!
ભીની થઈ આંખડી મારી.

પાંચ વરસમાં પાઈ મળી નથી,
એમ તું નાખતી ધા;
આવ્યો તે દી'થી આ હોટેલને ગણી
માડી વિનાની મા,
બાંધી ફૂટપાયરી જેણે,
રાખ્યો રંગ રાતનો એણે!
ભાણિયો તો માડી! થાય ભેળો જે દી'
મિલો બધી હોય બંધ;
એક જોડી મારાં લૂગડાંમાં એને
આવી અમીરીની ગંધ!

ભાડે લાવી લૂગડાં મોંઘાં,
ખાતો ખારા દાળિયા સોંઘા.

દવાદારૂ આંહી આવે ન ઢૂકડાં
એવી છે કારમી વેઠ;

રાત ને દિવસ રળું તોય મારું
ખાલી ને ખાલી પેટ.

*રાતે આવે નીંદરું રૂડી,*
*મારી કને એટલી મૂડી.*

*જારને ઝાઝા જુહાર કે'જે,*
*ઊડે આંહી મકાઈનો લોટ;*

*બેસવા ઘર કે ઠેકાણું ના મળે*
*કૂબામાં તારે શી ખોટ?*

*મુંબઈની મેડિયું મોટી,*
*પાયામાંથી સાવ છે ખોટી.*

*ભીંસ વધી ને ઠેલંઠેલા,*
*રોજ પડે હડતાળ;*

*શે'રના કરતાં ગામડામાં મને*
*દેખાય ઝાઝો માલ.*

*નથી જાવું દાડીએ તારે,*
*દિવાળીએ આવવું મારે,*

*કાગળનું તારે કામ શું છે માડી?*
*વાવડ સાચા જાણ;*

*તારા અંધાપાની લાકડી થાવાના*
*મેં લીધા પરખાણ.*

*હવે નથી ગોઠતું માડી!*
*વાંચી તારી આપદા કાળી.*

- ઇન્દુલાલ ગાંધી

જેનો એકનો એક દીકરો મુંબઈ કમાવા ચાલ્યો ગયો છે અને ત્યાં ગયા પછી એના કોઈ વાવડ નથી એવી એક આંધળી ગામડિયણ માતાનો વેદનાનીતર્યો પત્ર ગીતમાં આલેખનારા ગઈ પેઢીના પ્રસિદ્ધ કવિ ઇંદુલાલ ગાંધી અને એ પત્રનો એવો જ વેદનાસભર જવાબ લખનારા કવિ તે પણ ઇંદુલાલ ગાંધી!

એ કવિની પોતાની જીવનકથા કેવી હતી?

'શી કથા છે એમની?' એક જિજ્ઞાસુએ મને પૂછ્યું.